

- જીગર પટેલ, સીએ

બજેટ 2020



# સૌના સાથ અને સૌના વિકાસને સાર્થક કરતું

# બજેટ ૨૦૨૦

**૨૦૨૦-૨૧નું અંદાજપત્ર ઘણાં ફેરફારો સાથે રજૂ થયું. જો કે આ ફેરફારો પ્રોત્સાહન આપવા, કરદાતાઓને થતી મુશ્કેલીઓ દૂર કરવા, કાયદાની ખાતરી આપવા, કરદાતા વધારવા, આવકના સાધન વધારવા, કાયદામાં તર્કસંગતતા લાવવા માટેના છે. આ બજેટને પ્રસ્તુત કરતાં નાણામંત્રીએ દરેકના જીવનમાં સરળતા (Ease of living) લાવવાના લક્ષ્ય સાથે આ ફેરફારો સૂચવ્યા હતા. જાણીએ આ બજેટમાં શું છે...!**

જીવનમાં સરળતા (Ease of living)ના ઉદ્દેશ સાથે નાણામંત્રી નિર્મલા સીતારમણે પહેલી ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧નું અંદાજપત્ર રજૂ કરતાં ઐતિહાસિક ભાષણ આપ્યું હતું. ૨ કલાક ૪૧ મિનિટ ચાલેલું આ ભાષણ છેલ્લા ૭૩ વર્ષમાં રજૂ થયેલા ૯૧ બજેટમાંનું સૌથી લાંબું ભાષણ હતું. આ અંદાજપત્ર પ્રસ્તુત કરતાં તેમણે મહત્ત્વાકાંક્ષી ભારત (Aspirational India), આર્થિક વિકાસ (Economic Development) અને જતન કરતો સમાજ (Caring Society) સાથે સુશાસન (Governance) અને નાણાકીય ક્ષેત્ર (Financial sector)ના આધારે દરેકના જીવનમાં સરળતા (Ease of living) લાવવાના લક્ષ્ય સાથે સુધારા સૂચવવામાં આવ્યા હતા.

૨૦૨૦-૨૧ ના અંદાજપત્રમાં ઘણા ફેરફારો કરવામાં આવ્યા છે. આ ફેરફારો પ્રોત્સાહન આપવા, કરદાતાઓને થતી મુશ્કેલીઓ દૂર કરવા, કાયદાની ખાતરી આપવા, કરદાતા વધારવા, આવકના સાધન વધારવા, વહીવટની અસરકારકતામાં સુધારો લાવવા, કરવેરાનો દુરુપયોગ રોકવા, કાયદામાં તર્કસંગતતા લાવવા માટેના છે. આ મુખ્ય ફેરફારો નીચે મુજબ છે...

**★ નિવાસી ભારતીયની વ્યાખ્યા બદલાઈ:**

વિદેશમાં રહેતા ભારતીય નાગરિક કે બિનનિવાસી ભારતીયની વ્યાખ્યામાં ધરખમ સુધારો કરવામાં આવેલ છે. આ સુધારા મુજબ નિવાસી ભારતીય નક્કી કરવાની સમયમર્યાદા ૧૮૨ દિવસથી ઘટાડીને ૧૨૦ દિવસ કરવામાં આવેલી છે. ઉપરાંત જે ભારતીય નાગરિક વિદેશમાં રહેતા હોય પણ વિદેશમાં ટેક્સ ન ભરતા હોય કે અન્ય કોઇ દેશના રહીશ પુરવાર ન થતા હોય તો પણ તેમને નિવાસી ભારતીય ગણવામાં આવશે.

સામાન્ય નિવાસી (Ordinary Resident) ની વ્યાખ્યા પણ બદલાઇ છે, જે મુજબ હવે પાછલા ૭માંથી ૧૦ વર્ષ જો કોઇ નિવાસી ભારતીય હોય તો તેને સામાન્ય નિવાસી ભારતીય ગણવામાં આવશે, જે પહેલાં ૯માંથી ૧૦ વર્ષ કે પાછલા ૭ વર્ષમાં ૭૩૦ દિવસથી વધુની સમયમર્યાદા હતી.

**★ ડિવિડન્ડ ડિસ્ટ્રિબ્યુશન ટેક્સ :**

૧-૪-૨૦૨૦થી ડિવિડન્ડ ડિસ્ટ્રિબ્યુશન ટેક્સ નાબૂદ કર્યો છે કે જેથી કોઇ કંપની ડિવિડન્ડ આપવા પર ટેક્સ નહીં ભરે પણ

# આવકવેરાની વૈકલ્પિક સ્કીમ

આવકવેરા માટેનું આયોજન તૈયારી અને ફાઇલિંગ સરળ બનાવવા ઇન્ડિવિડ્યુઅલ અને HUF માટે એક વૈકલ્પિક પદ્ધતિ રજૂ કરવામાં આવી છે. જેમાં આવકવેરાના દરમાં નીચે મુજબ ઘટાડો કર્યો છે...




| કુલ આવક (રૂા.) | જૂનો દર % | નવો દર % |
|---|---|---|
| ૦-૨,૫૦,૦૦૦ | ૦ % | ૦ % |
| ૨,૫૦,૦૦૧-૫,૦૦,૦૦૦ | ૫ % | ૫ % |
| ૫,૦૦,૦૦૧-૭,૫૦,૦૦૦ | ૨૦ % | ૧૦ % |
| ૭,૫૦,૦૦૧-૧૦,૦૦,૦૦૦ | ૨૦ % | ૧૫ % |
| ૧૦,૦૦,૦૦૧-૧૨,૫૦,૦૦૦ | ૩૦ % | ૨૦ % |
| ૧૨,૫૦,૦૦૧-૧૫,૦૦,૦૦૦ | ૩૦ % | ૨૫ % |
| ૧૫,૦૦,૦૦૦થી વધુ | ૩૦ % | ૩૦ % |

આ વિકલ્પ પસંદ કરનારા કરદાતાઓને કરના દરમાં રાહત મળે છે. પણ તેમને ૭૦ જેટલી વિવિધ કપાત કે છૂટનો લાભ નહીં શકાય. મુસાફરી ભથ્થુ, મકાન ભાડાભથ્થુ, સ્પેશિયલ ભથ્થા, સ્ટાન્ડર્ડ ડિડક્શન, સ્વયંના ઉપયોગવાળા ઘરનું વ્યાજ, રોકાણ કે મેડિકલ પ્રીમિયમની કપાત, દાન અને વૈજ્ઞાનિક સંશોધનથી કપાત વગેરે નહીં મળે.

ધંધાકીય આવક ધરાવતા કરદાતા ફક્ત એક જ વખત વિકલ્પ પસંદ કરી શકશે અને તે પછીના દરેક આકારણી વરસોમાં એ જ વિકલ્પ અમલમાં રહેશે. આવા કરદાતા ફક્ત એક વખત બદલી શકશે (પાછા જઇ શકશે); પણ ત્યાર બાદ તે જ્યાં સુધી ધંધાકીય આવક કમાશે ત્યાં સુધી વિકલ્પ બદલી શકશે નહીં. જે ઇન્ડિવિડ્યુઅલ કે HUF કરદાતાની ધંધાકીય કોઇ આવક નથી તેઓ દરેક વર્ષે વિકલ્પ પસંદ કરી શકશે અને બદલી પણ શકશે. જો કોઇની આવક ૧૫,૦૦,૦૦૦ કે તેથી વધુ હોય અને કુલ કપાત કે છૂટ ૨,૫૦,૦૦૦થી ઓછી હોય તો તેમને નવી વૈકલ્પિક સ્કીમ ફાયદાકારક રહેશે. પરંતુ કોઇની આવક ૧૦,૦૦,૦૦૦ હોય અને કુલ કપાત તથા છૂટ ૧,૮૭,૫૦૦થી વધુ હોય તો તેમને જૂની પદ્ધતિ ફાયદાકારક રહેશે.

ડિવિડન્ડની આવક જે કરમુક્ત હતી તે શેર હોલ્ડરની આવકમાં ઉમેરાઇ જશે. કરદાતાઓએ તેમની આવક અને કરના સ્લેબ મુજબ ટેક્સ ભરવાનો રહેશે. કંપનીઓ આશરે ૨૦ ટકા જેટલો કર ભરતી હતી તેથી જેમની આવક ૧૦ લાખથી ઓછી છે તેમને ફાયદો થશે પણ ૧૦ લાખથી વધુ આવક ધરાવતા કરદાતાને વધારે કર ભરવો પડશે.

ઉપરાંત ડિવિડન્ડની આવક સામે વ્યાજ સિવાયના કોઇપણ ખર્ચા બાદ મળશે નહીં અને વ્યાજ પણ ડિવિડન્ડની આવકના વધુમાં વધુ ૨૦ ટકા સુધી જ બાદ મળશે.

જો કોઇ કંપનીને ડિવિડન્ડ મળે અને તે કંપની આગળ ડિવિડન્ડ આપે તો જેટલું ડિવિડન્ડ આપે તેટલું બાદ મળશે.

જો કોઇ મ્યુચ્યુઅલ ફંડ નિવાસી ભારતીયને રૂા.૫,૦૦૦થી વધુ ડિવિડન્ડ આપશે તો ૧૦% ટીડીએસ કરવો પડશે. બિનનિવાસી ભારતીયો માટે ટીડીએસનો દર ૩૧.૨% રહેશે.

**★ ચેરિટેબલ ટ્રસ્ટ :**

બધા ચેરિટેબલ ટ્રસ્ટની નોંધણી અને ૮૦-જી કપાત માટેની નોંધણી ફરી કરવાની રહેશે અને દર પાંચ વર્ષે રિન્યુ કરાવવાની રહેશે. ઉપરાંત દાનની રકમ સ્વીકારનાર સંસ્થાઓએ દાનની રકમનું એક પત્રક જમા કરાવવાનું રહેશે અને દાન આપનારને એક પ્રમાણપત્ર આપવાનું રહેશે. દાન આપનારને દાન સ્વીકારનારે જમા કરાવેલા પત્રક પ્રમાણે જ દાન ૮૦-જી હેઠળ કપાત મળશે.

★ પગારદાર કરદાતાઓને એમ્પ્લોયર દ્વારા વર્ષ દરમિયાન પીએફ, એનપીએસ કે સુપર એન્યુએશન ફંડમાં કરેલ ફાળવણીના મહત્તમ ૭.૫ લાખ જ કપાત તરીકે મળશે. એ ઉપરાંતની ફાળવણી સવલતો તરીકે આવકમાં ઉમેરાશે. વધુમાં, વધારાની ફાળવણી ઉપરનું વ્યાજ કે અન્ય કોઇ રકમ પણ સવલતો તરીકે આવકમાં ઉમેરાશે.

**★ સ્ટાર્ટઅપ :**

માન્ય સ્ટાર્ટઅપને હવે શરૂ થયાના ૧૦ વર્ષમાંથી કોઇપણ સળંગ ૩ વર્ષ માટે કપાત મળશે જે પહેલાં શરૂઆતના ૭ વર્ષ સુધી જ હતું. ઉપરાંત ૧૦૦ કરોડ સુધીના વેચાણ ધરાવતા સ્ટાર્ટઅપને આ કર કપાતનો લાભ મળશે જે પહેલાં ૨૫ કરોડ હતો.

સ્ટાર્ટઅપ કર્મચારીઓને ESOP જ્યારે એક્સરસાઇઝ કરે ત્યારે આવકમાં ઉમેરાઇ જતો હતો. હવે તેને પાંચ વર્ષ થાય ત્યારે; જ્યારે કંપની છોડે ત્યારે કે જ્યારે શેર વેચે ત્યારે, જે પહેલા હોય ત્યાં સુધી મુલતવી રખાશે.

★ ૧-૪-૦૧ પહેલાં ખરીદેલ જમીન કે મકાનની ખરીદ કિંમત કે ૧-૪-૦૧ની બજાર કિંમત બંનેમાંથી જે લેવી હોય તે લઇ શકાય છે. હવે ૧-૪-૦૧ની બજાર કિંમત તે તારીખની જંત્રી કિંમત કરતાં વધુ ન હોવી જોઇએ.

★ જમીન કે મકાન જ્યારે વેચવામાં આવે છે ત્યારે વેચાણ અવેજ જો જંત્રી કરતાં ઓછું હોય તો જંત્રી કિંમત વેચાણ કિંમત ગણવામાં આવે છે. હાલ જંત્રી કિંમત અને વેચાણ કિંમત વચ્ચે પાંચ ટકા ફરક હોય તો ચાલતું હતું, હવે એને વધારીને ૧૦ ટકા કરવાની દરખાસ્ત છે.

**★ ટેક્સ ઓડિટ :**

અત્યારે ધંધાનું વેચાણ કે ટર્નઓવર રૂા. ૧ કરોડથી વધુ હોય તો ટેક્સ ઓડિટ લાગૂ પડે છે. નવી દરખાસ્ત મુજબ આ મર્યાદા વધારીને પાંચ કરોડ કરવામાં આવી છે. પરંતુ તે ધંધામાં



કેશમાં મળેલ કે ચૂકવેલ આવક કે ચૂકવણી વધુમાં વધુ પાંચ ટકા જ હોવી જોઇએ.

જે કરદાતાને ટેક્સ ઓડિટ લાગુ પડે છે તેમની અને તેમના બધા જ ભાગીદારોની આવકવેરો ભરવાના રિટર્નની તારીખ લંબાવીને ૩૧ ઓક્ટોબર કરવામાં આવી છે.

**★ ટીડીએસ/ટીસીએસઃ**

ઇ-કોમર્સ ઓપરેટર (અમેઝોન, ફ્લિપકાર્ટ વગેરે) દ્વારા કોઇપણ સહભાગીને માલનું વેચાણ કે સેવા આપવા માટે ચૂકવણી કરતી વખતે ૧ ટકાના દરે ટીડીએસ કાપવાનો રહેશે. જો પાછલા વર્ષે વેચાણ કે સેવા રૂા.૫ લાખથી વધુ હશે, જો કોઇ સહભાગી પાન નથી આપતો તો ટીડીએસનો દર પાંચ ટકા થશે.

ટેક્નિકલ સેવાઓને લાગુ પડતો ટીડીએસનો દર ૧૦ ટકાથી ઘટાડીને બે ટકા થશે. પ્રોફેશનલ સેવાઓ માટે ટીડીએસ દર ૧૦ ટકા જ રહેશે.

આરબીઆઇના એલઆરએસ હેઠળ ભારતની બહાર નાણાં મોકલવા માટે અધિકૃત ડીલર (બેન્ક) કોઇ વ્યક્તિ પાસેથી રૂા. ૭ લાખથી વધુ મેળવે તો તેના ઉપર પાંચ ટકા ટીસીએસ લેશે. પાન કે આધાર ન હોય તો ટીસીએસનો દર ૧૦ ટકા થશે. આ જ દર વિદેશી ટૂર પ્રોગ્રામના પેકેજ વેચનારને પણ લાગૂ પડશે.

જો ધંધાનું વેચાણ ૧૦ કરોડથી વધુ હોય અને કોઇ એક વ્યક્તિ પાસેથી માલ પેટે રૂા. ૫૦ લાખથી વધુ મેળવે તો તેવી વ્યક્તિ પાસેથી ૦.૧ ટકાના દરે ટીસીએસ વસૂલ કરાશે. પાન કે આધાર ન હોય તો ટીસીએસ એક ટકા રહેશે.

★ નાણાકીય હિસાબોમાં કોઇ ખોટી એન્ટ્રી કરવામાં આવી હોય કે ખોટા દસ્તાવેજી પુરાવાને આધારે કરવામાં આવી હોય કે એન્ટ્રી જ ન કરવામાં આવી હોય કે જે વ્યક્તિને માલ કે સેવા આપેલ હોય પણ તેનું અસ્તિત્વ જ ન હોય તો, જે તે વ્યવહારની રકમના ૧૦૦ ટકા પેનલ્ટી લાગશે.




**બજેટ અંતર્ગત પરોક્ષ વેરામાં પણ ઘણાં ફેરફારો કરવામાં આવ્યા છે. જેનાથી બટર, ઘી, ઓઇલ, પગરખાં, ગ્લાસની વસ્તુઓ, રમકડાં, પાણીનું હીટર, પંખા, સ્ટેશનરી, વગેરે મોંઘા થશે જ્યારે ઇ-વાહનો સસ્તા થશે....**

★ આધાર કાર્ડની માહિતી દ્વારા ઇન્સ્ટન્ટ પાન આપવામાં આવશે.

★ બેન્કની થાપણોની ગેરંટી (વીમો) રૂા.૧ લાખથી વધારીને ૫ લાખ કરવામાં આવી છે.

★ કરદાતાની ટેક્સની માહિતી- ટીડીએસ, ટીસીએસ, એડવાન્સ ટેક્સ, રિફંડ વગેરે ફોર્મ ૨૬એએસ દ્વારા મળતી હતી. એના બદલે હવે આવકવેરા વિભાગ કરદાતાના બધા જ ખરીદી અને વેચાણના જમીન, મકાન, શેર્સ, મ્યુચ્યુઅલ ફંડ વગેરેના નાણાકીય વ્યવહારો વાર્ષિક માહિતી નિવેદન (એન્યુઅલ ઇન્ફોર્મેશન સ્ટેટમેન્ટ) દ્વારા આપશે. જેનાથી કરદાતાને તેમનું આવકવેરાનું રિટર્ન ભરવામાં સુવિધા રહેશે.

★ કરદાતાઓની ખોટી રીતે હેરાનગતિ અટકાવવા, ન્યાયીપણાની ખાતરી આપવા તથા તેમનો વિશ્વાસ વધારવા ટેક્સપેયર્સ ચાર્ટર બનાવવામાં આવશે.

★ અત્યારે આવકવેરાની આકારણી ઇલેક્ટ્રોનિકલી ફેસલેસ છે. હવે અપીલનો નિકાલ પણ ફેસલેસ ઇલેક્ટ્રોનિકલી કરવામાં આવશે.

★ નવી 'વિવાદથી વિશ્વાસ'ની સ્કીમ હેઠળ કોઇ બાકી અપીલ હોય તો કરદાતા ૩૧-૦૩-૨૦૨૦ સુધી વિવાદિત આવક પર માત્ર ટેક્સની રકમ ભરશે તો વ્યાજ અને પેનલ્ટીમાંથી સંપૂર્ણ મુક્તિ મળશે. ત્યાર પછી ૩૦ જૂન, ૨૦૨૦ સુધી તેમણે ૧૦ ટકા વધુ રકમ ભરવી પડશે. જો વ્યાજ અને પેનલ્ટીની જ અપીલ હોય તો ૩૧-૩-૨૦૨૦ સુધી વ્યાજ અને પેનલ્ટીના ૨૫ ટકા અને ત્યાર બાદ ૩૦ જૂન, ૨૦૨૦ સુધી ૩૦ ટકા જ ભરવાના રહેશે.

★ આ ઉપરાંત પરોક્ષ વેરામાં પણ ઘણા ફેરફારો કરવામાં આવ્યા છે, જેનાથી બટર, ઘી, ઓઇલ, ચ્યુઇંગગમ, પગરખાં, ગ્લાસની વસ્તુઓ, જેમસ્ટોન, પંખા, પાણીનું હીટર, હેર ડ્રાયર, રમકડાં, સ્ટેશનરી વસ્તુઓ, હુક્કા, તમાકું, સિગારેટ, ફર્નિચર વગેરે મોંઘા થશે અને ન્યુઝ પ્રિન્ટ, સ્પોર્ટસ ગુડઝ, માઇક્રોફોન, ઇલેક્ટ્રોનિક વાહનો, ફિંગર પ્રિન્ટ રીડર, ઘરેલું મોબાઇલ વગેરે સસ્તા થશે. ફી

